" જય શ્રી કૃષ્ણ "

" જય શ્રી કૃષ્ણ " ભારતીય જન માનસનું અમૂલ્ય જીવન સૂત્ર છે. અતિ અસાધારણ અને અતિ અસામાન્ય આધ્યાત્મિક અલૌકિક અને અદભુત ઉર્જોત્સ સ્પર્શીય સાંસ્કૃતિક અને સંસ્કારિક વિશુદ્ધ, પવિત્ર, વિશ્વાસપૂર્વકનું સર્વોચ્ચ સમ્માનિય ગૌરવવંતુ ઉદબોધન છે. જેમ રાષ્ટ્રનાં ઉત્તમ નાગરિકને સમ્માનિત થતું આન બાન અને શાનનું ગર્વિષ્ઠ પદ

"ભારત રત્ન" " **""રાષ્ટ્રીય નાગરિક - ભારતીય પ્રજાસત્તાકનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર"**

આજ ગૌરવ **" જય શ્રી કૃષ્ણ "** સ્મરણથી, દ્રષ્ટિપાતથી, કહેવાથી, ઝીલવાથી, બોલવાથી, લખવાથી અને વિચારવાથી અવશ્ય અનુભવાય છે. **"શ્રીમદ ભાગવત", "શ્રીમદ ભગવદ ગીતા"** ભારતીય સાક્ષરતા અને સંસ્કૃતિની ધરોહર છે. ભારતનાં એક એક નાગરિક આ સંસ્કાર મૂલત્વથીજ પામે છે અને તે જીવન પર્યાંત નિભાવે છે. દ્રષ્ટિ, કાયા, મન, વચન, ધન અને સમર્પણથી તે નિભાવે છે.

ભારતીય દર્શનનાં સર્વે ભૂત, ભવિષ્ય, વર્તમાન અને રજે રજ, કણે કણ, બુંદે બુંદ, તરંગે તરંગ, રંગે રંગ, લહરે લહર, સ્પંદને સ્પંદન, કિરણે કિરણ, વર્ણે વર્ણ, ક્રિયાએ ક્રિયા, કર્મે કર્મ, દ્રષ્ટિએ દ્રષ્ટિ, વૃતિએ વૃત્તિ, કૃતિએ કૃતિ, શ્વાસે શ્વાસ, અંશે અંશ અને પુષ્ટિએ પુષ્ટિ – **" જય શ્રી કૃષ્ણ "**

બ્રહ્માંડનું સત્ય, સાતત્ય, આગ્નેય, પૂર્ણતા, પરિવર્તનતા, પારાયણતા, એકાત્મતા, વૈવિધ્યતા, વિશિષ્ઠતા, પરાકાષ્ઠાનો પાર્દુભાવ **" જય શ્રી કૃષ્ણ "** થી જ સ્ફૂર્યો. સંવાદ, સંવેદના, કૃતજ્ઞતા, સાર્વભૌમત્વતા, કરુણા અને પ્રેમનું પ્રતિક **" જય શ્રી કૃષ્ણ "** છે. **" જય શ્રી કૃષ્ણ "** માં સમાયો અર્થ, ભાવાર્થ, સત્યાર્થ, સમર્થ, યથાર્થ, વૃતાર્થ, કૃતાર્થ, પુરુષાર્થ અને શરણાર્થ.

વ્યાકરણ, પ્રમેય, ગણિત, સિદ્ધાંત, બળ, ગુણધર્મ, પ્રમાણ, ફળ, સાત્વિક, રાજસ, તામસ, આકાર, સાકાર, નિરાકાર, સિદ્ધિ, વૃદ્ધિ, જન્મ, મૃત્યુ પરિણામ લીલા **" જય શ્રી કૃષ્ણ "** થી જ ઉત્સ પામે છે, વિસ્તરે છે, પરિવર્તે છે, સ્થિરે છે.

જીવ જીવનની સર્વે કક્ષા નક્કી કરે છે **" જય શ્રી કૃષ્ણ "**, કારણકે તે સર્વજ્ઞ છે, સંપૂર્ણ છે, સર્વત્ર છે. **" જય શ્રી કૃષ્ણ "** સાર્થક છે, પૂરક છે, સંવર્ધક છે, સંવર્ધન છે, ઉત્થાન છે. **" જય શ્રી કૃષ્ણ "** સંબંધ છે, બંધન છે, નીતિ છે, મતિ છે, ગતિ છે, રીતિ છે, વિધિ છે, નિધિ છે અને ગુણાતીત છે.

પ્રથમ **" જય શ્રી કૃષ્ણ "** માતપિતાએ કહ્યું , સુણ્યું અને સ્વીકાર્યું. જેમ જેમ સમય વહ્યો તેમ તેમ **" જય શ્રી કૃષ્ણ "** જાણ્યો. સ્વ જોડે જોડયું અને સ્વમાં ઉતાર્યું, અપનાવ્યું અને વિસ્તાર્યું.

" જય શ્રી કૃષ્ણ " ની ઉસ્મા, ઉર્જા, તેજ સર્વથા મધુર જ ઉજાળે, પ્રેમ વિહવળે, તાપ તપાવે, પરમાત્માને તળવળાએ, થરથરાએ, તડપાવે, તરસાવે અને દૌડાવે. આખરે મિલાવે.

આત્મીય અને પ્રાથમિકતાથી પ્રથમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

જીવ, પ્રાણ, આત્મા અને પરમાત્માથી દ્વિતીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

તનમાત્રાઓ અને તનમનસ્કાથી તૃતીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

દેહ, સૂક્ષ્મ અને કારણ દેહથી - ચતુર્થ વંદન – " જય શ્રી કૃષ્ણ "

આધ્યાત્મિક અને સંસ્કારતાથી - પંચમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

વર્ણ, પ્રકર્ણ અને સકર્ણથી વંદન - ષષ્ઠ વંદન – " જય શ્રી કૃષ્ણ "

ધર્મ, ધારણા, ધર્મયજ્ઞ, અને ધર્મપ્રયોગોથી - સપ્તમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

તારાં, ગ્રહો, નક્ષત્રો, દિશા, નિહારિકા, આકાશગંગાથી - અષ્ટમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળથી – નવમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

જીવિત, પૂર્વજો, પ્રેત અને પિતૃઓથી – દશમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

સૃષ્ટિ, પ્રકૃતિ અને વૃષ્ટિથી – એકથદશમ વંદન – " જય શ્રી કૃષ્ણ "

શિક્ષા, વિદ્યા, કર્મકાંડ, અને યજ્ઞથી – દ્વાદશ વંદન – " જય શ્રી કૃષ્ણ "

સંસાર, જીવન, વ્યવહાર, અને વ્યવસ્થાથી – તૃતીયદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

ઋણાત્મક બંધનોથી – ચતુર્થદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

મોક્ષ, મુક્તિ અને ગૌલોકધામથી – પંચદશીય વંદન – " જય શ્રી કૃષ્ણ "

"જય જગન્નાથ – જય શ્રી કૃષ્ણ"

<u>પુષ્ટિ સ્પંદન વૈષ્ણવ-3 (શિક્ષક વ્યવસાય)</u>

હરિયાળુ જંગલ, ચારેબાજુ ઝાડીઓ વચ્ચે ઉજળિયાત, આદિવાસી અને અનેક જાતિની વસ્તીથી વસેલ પાનવડ ગામ. એક શાળા, એક પુષ્ટિમાર્ગ હવેલી, એક પોસ્ટઓફિસ, એક બૅંક અને એક પોલિસ ચોકીથી ગામની વ્યવસ્થા અને સુરક્ષા ઘડાયેલી. ખેતી અને નાના મોટા ઉગતા પાકોનો વ્યાપારથી સહુ ગામવાસીઓ આનંદ પ્રમોદમાં જીવતા. **<u>આચાર્યશ્રી ચંદ્રવદનભાઈ શાહ</u>**નાં નેતૃત્વ હેઠળ કુશળ અને દીર્ઘદ્રષ્ટિથી સંસ્કાર શિક્ષણનું સિંચન, પ્રાથમિક અને માધ્યમિક ધોરણોનાં વિદ્યાર્થીઓ કિલ્લોલ કરતાં, રમતગમત રમતા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં રસ તરબોળ થઈ સુખી, ઉદ્યમી અને ધાર્મિક વ્યવસ્થાથી ગામ પુષ્ટિમય જીવન જીવતું.

ટન ટન ટન ટન શાળાનો બેલ ગૂંજ્યો, ગામનાં અનેકો વિદ્યાર્થીઓ શાળાએ જવા નીકળ્યા. આચાર્યશ્રી વિદ્યાર્થીઓનું નવું વર્ષ શિક્ષણ સમ્માન માટે સર્વે વિદ્યાર્થીનું " **જય શ્રી કૃષ્ણ** " કહી એક ગુલાબનું ફૂલ આપી સ્વાગત કરતાં હતા. અનેક વિદ્યાર્થીઓ " **જય શ્રી કૃષ્ણ** " બોલી અભિવાદનનો સ્વીકારી કરી પોતપોતાનાં ક્લાસમાં જતા. અનેક વિદ્યાર્થીઓ ગુજવાતા, અવઢવમાં પડતા કે આ શું કહે છે? તેઓ હંસતા મુખે દોડી પડતા.

આચાર્યશ્રી ચંદ્રવદનભાઈએ માધ્યમિક વિદ્યાર્થીઓ પાસે પ્રાર્થના કરાવી અને જાહેર કર્યું કે આજે સહુ વિદ્યાર્થીઓએ શાળાનાં રમતગમત સ્થળે ભેગા થઈ એકબીજાની ઓળખ કરાવવી. જે યોગ્યતા પૂર્વક ઓળખ અભિવાદન કરશે તેને પુરસ્કાર આપવામાં આવશે. ક્લાસનાં શિક્ષકો પોતપોતાનાં વિદ્યાર્થીઓને લાઇન બદ્ધ રમતગમત સ્થળે ભેગા કર્યા. આચાર્ય પોતે ઊભા થઈ પ્રથમ સીનિયર શિક્ષક પાસે જઈ બે હાથ જોડી હંસતા મુખે " **જય શ્રી કૃષ્ણ** " કહી આવકાર્યા,

સીનિયર શિક્ષક ઊભા થઈ આચાર્યશ્રીનાં ચરણ સ્પર્શ કર્યા અને હંસતા મુખે " **જય શ્રી કૃષ્ણ** " બોલી તેમનું સ્વાગત કર્યું. એક પછી એક ક્રમ મુજબ સહુ એકબીજાને સ્વાગત અભિવાદન કરતાં હતા. આમને આમ અનેક વિદ્યાર્થીઓ " **જય શ્રી કૃષ્ણ** " કહેતા કહેતા બોલતા પોતપોતાનું સ્થાન ગ્રહણ કરતાં હતા ત્યાં એક માધ્યમિક ક્લાસનો આદિવાસી વિદ્યાર્થી આચાર્યશ્રી પાસે આવીને કહે છે – સર! આ " **જય શ્રી કૃષ્ણ** " શું છે? અને અમારે કેમ બોલવાનું અને કહેવાનું?

આચાર્યશ્રી તે વિદ્યાર્થીને બે હાથ જોડી " **જય શ્રી કૃષ્ણ** " કહી, બોલ્યા – આવો ભાઈ આવો! આ ખુરશી પર બેસો! આદિવાસી વિદ્યાર્થી અવઢવમાં પડી ગયો, આચાર્યશ્રીએ તેનો હાથ પકડી પ્રેમથી તેને તેમની ખુરશી પર બેસાડયો. સર્વેને બે હાથ જોડી " **જય શ્રી કૃષ્ણ** " કહી, બોલ્યા – વિદ્યાર્થીઓ! આજે શાળાનું નવું સત્રનો આરંભ થયો છે, આપ સહુને હું આવકારું છું. વિદ્યાર્થીઓ! આ આદિવાસી ભાઈ જેનું નામ છે **પૂંજયો.** આ વિદ્યાર્થીની જિજ્ઞાશાને હું નમન કરું છું. તેમણે મને નમ્રતાથી પ્રશ્ન કર્યો - સર! આ " **જય શ્રી કૃષ્ણ** " શું છે? અમારે કેમ બોલવાનું અને કહેવાનું?

મારા વ્હાલા વિદ્યાર્થીઓ આ પ્રશ્ન સહુને થવો જોઈએ? અત્યારે જે વિદ્યાર્થીઓ આ પ્રાગણમાં બિરાજે છે, તેઓમાંથી કોઈ આ પ્રશ્નનો ઉત્તર આપી શકે છે?

એક વિદ્યાર્થિનીએ હાથ ઊંચો કરી સંકેત કર્યો કે હું આ પ્રશ્નનો ઉત્તર આપીશ. આચાર્યશ્રીએ તે વિદ્યાર્થિનીને આવકારી " **જય શ્રી કૃષ્ણ** " કહી, બેટા! તારું નામ! મારું નામ **દિક્ષુ** છે, ખુરશી પર તેણીને સ્થાન આપ્યું, અને કહ્યું, વિદ્યાર્થીઓ! ધન્ય છે કે આ પ્રથમ દિને જ આપણી ત્યાં અનોખી અને જ્ઞાનવર્ધક ચર્ચાનો પ્રારંભ થયો છે, હું વિદ્યાર્થિની દિક્ષુને ઉત્તર આપવા આમંત્રણ આપું છું.

દિક્ષુ – " **જય શ્રી કૃષ્ણ** " સહુને

" **જય શ્રી કૃષ્ણ** " આત્મીય સ્ફુરણા છે, જે દરેક આત્મીય જીવમાં છે. આ કોઈ ધર્મ, જાતિ કે જ્ઞાની અભણ, અમીર ગરીબ, વૈશ્વિક નોકરિયાત, રોગી નીરોગી, ઊંચનીચ વ્યક્તવ્ય માટે નથી. આ સર્વે માટે સર્વથા છે. પ્રેમનું પ્રતિક છે, વાત્સલ્યની પરિસીમા છે, શ્રદ્ધાનું સામર્થ્ય, સત્યનું આહવાન છે અને વિશ્વાસની ઉર્જા છે. જેમાં નિર્ભયતા છે, નિખાલસતા છે, કૃતજ્ઞતા છે અને કરુણા છે. " **જય શ્રી કૃષ્ણ** " વિનય છે, વિજ્ઞાન છે, વિજય છે, સંરક્ષક છે, સફળતા છે, પૂર્ણ છે.

" **જય શ્રી કૃષ્ણ** " તેજ છે - જે અંધકાર દૂર કરે છે, " **જય શ્રી કૃષ્ણ** " શસ્ત્ર છે – જે ધૂર્ત, દુષ્ટ, રોગ, આડંબર અને અજ્ઞાનનો નાશ કરે છે, " **જય શ્રી કૃષ્ણ** " પવિત્ર છે, પ્રાર્થના છે, ઉત્તમતા છે, " **જય શ્રી કૃષ્ણ** " વિદ્વતા છે, સાક્ષરતા છે, ક્ષમા છે, ન્યાય છે.

સર્વે ઉપસ્થિત વ્યકતવ્યોએ તાળીઓનાં ગડગડાતે વધાવી લીધું. સર્વેએ ઊભા થઈ દિક્ષુને સમ્માનિત કરી. આચાર્યશ્રીએ તેને આશીર્વાદ આપી – "**સદા ઉચ્ચતા પામો**". આચાર્યશ્રીનું ઉદબોધનનાં પ્રારંભે તેઓએ સર્વેને નમન કરી " **જય શ્રી કૃષ્ણ** " કહ્યાં. બેટી દિક્ષુએ જે સમજ

આપી તે શ્રેષ્ઠ અને યોગ્ય છે, મારી દ્રષ્ટિએ " **જય શ્રી કૃષ્ણ** " એટલે મારાં રોમેરોમમાં બિરાજેલ શ્રી કૃષ્ણ ની અનુભૂતિ હું ઠેર ઠેર કરું છું. આજે સવારે આપ સર્વેનું સ્વાગત " **જય શ્રી કૃષ્ણ** " થી કર્યું કારણકે હું શ્રીકૃષ્ણને આપનામાં જોઉં છું, જ્યાં જ્યાં દ્રષ્ટિ પડે ત્યાં ત્યાં શ્રીકૃષ્ણ દર્શન ઠરે છે. ઉપસ્થિત રહેલ વિદ્યાર્થીઓમાં અનેકો વિધાર્થીઓએ કહેલ " **જય શ્રી કૃષ્ણ** " નો પ્રત્યુત્તર નથી આપ્યો કે નથી સાંભળ્યું તો તેઓને " **જય શ્રી કૃષ્ણ** " કહેડાવવું અને તેનું યોગ્ય માર્ગદર્શન આપવું મારી ફરજ બને છે. " **જય શ્રી કૃષ્ણ** " એટલે એવી વ્યક્તિત્વતા, જે વ્યક્તિ કોઈપણ ક્રિયા કરે તે કૃષ્ણમય હોય અને બની જાય. નિહાળે તો કૃષ્ણ, કહે તો કૃષ્ણ, સાંભળે તો કૃષ્ણ, અક્ષરે તો કૃષ્ણ અને વિચારે તો કૃષ્ણ. અર્થાત સત્ય, ન્યાય, વિનય, કરુણા અને પ્રેમને આધીન વ્યક્તિત્વ સ્વભાવ, વર્તન, દર્પણ - કૃષ્ણ.

વિદ્યાર્થીઓ આપ નાના બાળકો છો, આપનામાં ઉત્કંઠા, ઉત્સાહ, જિજ્ઞાશા અને જ્ઞાન વિજ્ઞાનનું નિરૂપણ કરવું અમારી નૈતિકતા છે. ભાઈ પૂંજયો જે એક આદિવાસી કુટુંબથી ભણે છે, તેનામાં જાગેલી જિજ્ઞાશાને યોગ્યતા પમાડવી અમારી કૃતજ્ઞતા છે. " **જય શ્રી કૃષ્ણ** " જે આજનાં સમય આધારિત ધર્મની વ્યાખ્યા પ્રમાણે ધર્મને આધિન નથી કર્મને આધિન છે. આપ જે બાળકો જે રીતે કિલ્લોલ કરો છો તે જ રીતે ચારિત્ર્ય શ્રી કૃષ્ણએ લીલા કરેલી, નિ:સ્વાર્થ ભાવે, નિ:સંદેહ ભરેલી અને બિલકુલ નિસ્પૃહતા સાથે. તેઓએ ગોકુળ ગામનાં એક એક વ્યક્તિ સાથે નટખટતા કરતાં સહુને આનંદ વિભોર કરી દેતા. તેમનું એક જ લક્ષ્ય આનંદ લુટાવવો. તેમને તમામ રમતો આવડતી, તેઓ યોગ્ય શિક્ષણનાં પાઠ ભણ્યા. તમે શ્રીકૃષ્ણ જેવું રમો, કૂદો અને નિ:સ્વાર્થ ભાવે બાળ સંસ્કાર પામો એટલે આજનાં નૂતન વર્ષે " **જય શ્રી કૃષ્ણ** " કહ્યું અને પ્રાથમિકતાનું પ્રથમ કદમ સમજાવ્યું. " **જય શ્રી કૃષ્ણ** " કહેવાથી ધર્મ પરિવર્તન નથી, જીવન શૈલીનું આમૂલ પરિવર્તન છે - પ્રેમ અને કરુણાથી. મને ચોક્કસ વિશ્વાસ છે કે આ ક્ષણથી જ દરેક વ્યક્તિ સર્વેને " **જય શ્રી કૃષ્ણ** " કહેશે. તાળીઓનાં ગડગડાતે સાહેબશ્રીને વધાવી લીધા. સર્વેએ ઊભા થઈ આચાર્યશ્રીનું ને સમ્માનિત કર્યા, અને વચન આપ્યું – સાહેબશ્રી! આજથી અમે સહુ બાળકો સર્વેને પ્રણામ કરી, એક ગૂંજ કરી " **જય શ્રી કૃષ્ણ** ".

સમય વિતતો ચાલ્યો આચાર્યશ્રીએ જોયું કે સર્વે વિદ્યાર્થીઓ " **જય શ્રી કૃષ્ણ** " નાં સાનિધ્યમાં આનંદ કિલ્લોલ કરતાં હતા, ન કોઈ દ્વેષ કે વૈર કે વૈમનષ્ય તેમનામાં પ્રદર્શિત નહતું થતું. શૈક્ષણિક પદ્ધતિમાં તેઓ સદા ઉતિર્ણ થતાં હતા. શિક્ષકો પણ સહુને " **જય શ્રી કૃષ્ણ** " કહી ઉમંગ અને સૈદ્ધાંતિક શૈલીથી શિક્ષા પ્રદાન કરતાં હતા. આખી શાળા ગોકુળ બની ગયી છે.

એક રાત્રે ગામમાં એવો બનાવ બન્યો કે એક તેજ પૂંજ ગામની આસપાસ ફરતો સહુએ નિહાળ્યો, તે તેજ પૂંજની ગતિ એવી હતી કે સહુ કોઈ તેની પ્રદક્ષિણા ગણી શકતું આશરે ૧૦૮ ચક્કર કાપ્યા અને તે તેજ પૂંજ અદ્રશ્ય. સહુ કોઈ વિસ્મય હતાં, આચાર્યશ્રી અતિ આશ્ચર્યમાં હતાં, કારણકે તેમને ખગોળ શાસ્ત્રમાં સ્નાતક કરેલું. તેઓ તેની અનેક ફોટોગ્રાફી અને વિડિયો ગ્રાફી કરી એકાંતમાં વિચાર કરતા, તેમને નિર્ણય કર્યો અને નજીકનાં શહેરની લેબોરેટરીમાં પહોંચ્યા, ત્યાંનાં વૈજ્ઞાનિકોએ આ ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી જોઈ ચકિત થઈ ગયા, તેઓ તુરંત તે સ્થલી પર પહોંચી રાત્રે તપાસ કરવા લાગ્યા કે આકાશમાં શું શું બને છે? ઘણાં દિવસોનાં અભ્યાસ બાદ તેઓએ આચાર્યશ્રીને લેબોરેટરી બોલાવ્યા અને પૂછ્યું – સર! અમે સહું અતિ ગંભીરતાથી અભ્યાસ કરતા કરતા કઇંક અજાયબ ભરેલું ચિત્ર અમારી સમક્ષ આવે છે.

વૈજ્ઞાનિકો - આ તેજ પૂંજનું ઉદભવ સ્થાન આપની શાળા છે.

આચાર્યશ્રી - શું કહો છો!

હાં! આચાર્યશ્રી! આપ જુઓ આ ફોટોગ્રાફ્સ, આપને કોઈ કોઈ કિરણો આપની શાળાનાં અવકાશ ઉપરથી ઉદભવે છે અને આજુબાજુ જે ખેતરો છે તેમાં કઇંક પણ જણાતું નથી.

સહું કોઈ બારીકાઈથી જોવા લાગ્યા તો જોયું કે શાળાનાં પ્રાંગણમાંથી એક એક કિરણ ફૂટીને વચ્ચે કેન્દ્રિત જગ્યાએ ભેગા થાય છે અને તે તેજોમય આકાર ગ્રહણ કરે છે.

આ સ્વરૂપ સૂર્ય અને પૃથ્વીનાં ગુરત્વાકર્ષણ બળ પ્રમાણે તે મૂવમેન્ટ આપતું હતું.

આચાર્યશ્રી! આપ કહો આ બાબતે કઇંક કહેવું છે?

આચાર્યશ્રી અત્યંત ગંભીર અવસ્થામાં આવી ગયા અને તેમનું મન તેજ ગતિથી એક એવા આધ્યાત્મિક સ્તરે પહોંચવા માંડયું કે તેઓ સ્થિર થઈ ગયા.

અરે આચાર્ય! શું થયું?

પણ આચાર્ય એક શૂન્યતામાં પહોંચેલા હતાં.

થોડા સમય બાદ આચાર્ય જાગૃત થયા એટલે વૈજ્ઞાનિકોએ પૂછ્યું – આચાર્ય! તમે ક્યાં ખોવાઈ ગયેલા?

આચાર્યશ્રીએ વૈજ્ઞાનિકોને હાથ જોડીને કહ્યું – હે વૈજ્ઞાનિકો! મને માફ કરો, હું આપનાસહુંથી અલગ થયેલો, હું આપને વિનંતી કરું છું – મને થોડો સમય આપો.

વૈજ્ઞાનિકોએ કહ્યું ચોક્કસ આચાર્ય! આપણે આવતા અઠવાડિયે આ સમયે લેબોરેટરીમાં મળીશું.

સહું છૂટા પડયા. આચાર્ય ગામે જવા નિકળયા, પણ મન અને ચિત્તમાં એક જ વિચાર- તેજ પૂંજ

બીજા દિવસે સવારે તેઓ શાળા જવા નિક્ળયા, જોયું સર્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સરળ અને શાંત એકાગ્રથી " **જય શ્રી કૃષ્ણ** " ની ધારા સાથે શાળાનાં માર્ગ પર ધપતા હતાં. આચાર્યશ્રી પણ તેમાં જોડાયા, આખો મહેરામણ " **જય શ્રી કૃષ્ણ** " ની ધારામાં વહેતો વહેતો શાળાનાં પ્રાગણમાં એકત્ર થતો હતો. સહું વિદ્યાર્થીઓ પોતપોતાનાં ક્લાસમાં પહોંચ્યા અને આચાર્યશ્રી તેમની ઓફિસમાં પહોંચ્યા. ખુરશી પર બેસીને વિચાર વમળમાં હતા, ત્યાં જ એક વિદ્યાર્થીએ અંદર આવવા પરમિશન માંગી – હું આવું સર?

આવો

સર! " **જય શ્રી કૃષ્ણ** "

" **જય શ્રી કૃષ્ણ** "

સર! ગયા અઠવાડિએ આપ હતા નહીં ત્યારે **આપણી ગવર્નમેંટ તરફથી મને વિજ્ઞાન હરીફાઈમાં આ ચંદ્રક મળ્યો** તે આપને આપવા આવ્યો છું.

હાથમાં ચંદ્રક લઈ, વિદ્યાર્થીને આશીર્વાદ પાઠવી, આચાર્યશ્રીએ તેને બાઝી પડયા.

બેટા! શાબાશ! આ ચંદ્રક આપણી શાળાનું ગૌરવ છે, તારે આ ચંદ્રક ઘરે તારા માતપિતાને અર્પણ કરવાનો છે.

સર! મારા માતપિતાએ આ ચંદ્રક માટે આપને ધન્યવાદ કહ્યાં છે અને તે ચંદ્રક આપના ચરણોમાં રાખવા કહ્યું છે, જે હું આપને અર્પણ કરું છું.

આચાર્યએ કહ્યું – ચોક્કસ બેટા! હમણાં આ કબાટ પર મૂકો, વિદ્યાર્થીએ ચંદ્રક કબાટ પર મૂકી આચાર્યશ્રીને પ્રણામ કરી અને " **જય શ્રી કૃષ્ણ** " કહી તે તેના ક્લાસમાં ગયો.

આચાર્યશ્રીનું મન ફરી તેજ પૂંજનાં વિચારોમાં ડૂબવા માંડયું.

થોડીવારમાં એક શિક્ષકે અંદર આવવા પરમિશન માંગી – હું આવું સર!

આચાર્યશ્રીની નજર જેવી તે શિક્ષક પર પડી – ઓહ્ઠ! આવો આવો પટેલ સાહેબ! આવો!

પટેલ સાહેબે વંદન કરતા કરતા " **જય શ્રી કૃષ્ણ** " કહ્યાં

આચાર્યશ્રીએ પણ " **જય શ્રી કૃષ્ણ** " કહ્યાં અને કહ્યું – બોલો પટેલ સાહેબ કેમ પધારવું થયું? સાહેબ! **આ પત્ર ગવર્નમેંટ ઓફ ઈન્ડિયા તરફથી આવ્યો છે, મને ભારતનાં સર્વોચ્ચ શિક્ષક તરીકેનું પદક આપવા આમંત્રણ પાઠવ્યું છે.**

આચાર્યશ્રીએ તે પત્ર હાથમાં લઈ વાંચી પટેલ સાહેબને ભેટી પડયા, પટેલ સાહેબ! આપ તો અમારી શાળાનું ગૌરવ છો, આપની શિક્ષણ પદ્ધતિ દરેક વિદ્યાર્થીને અતિ પ્રિય છે, તરત જ સર્વે સિદ્ધાંત આવડી જ જાય છે, જાદુ છે આપની શિક્ષણ પદ્ધતિનો, આપને અવશ્ય આ પદક મળવું જ જોઈએ, આપ તેનાં હક્કદાર છો.

પટેલ સાહેબ બોલ્યા – સાહેબ! આ સહું આપની શિક્ષા પ્રેરિત છે, આપે જ મને આ પદ્ધતિ માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન આપેલું. એટલે ખરા હક્કદાર તો આપ છો. પટેલ સાહેબ ઝૂકી પડયા આચાર્યશ્રીનાં ચરણોમાં.

ધન્ય છે આપને પટેલ સાહેબ! સીધાવો અને અવશ્ય આ પદક માટે પહોંચો. **અભિનંદન!**

" **જય શ્રી કૃષ્ણ** " કહી પટેલ સાહેબ તેમનાં કક્ષમાં પહોંચ્યા.

આચાર્યશ્રી એકદમ શાંત થઈ અને પ્રાંગણનું બિંદુ નિહાળતા નિહાળતા સ્થિર થઈ ગયા. ત્યાં જ મધ્યાંતરનો બેલ રણક્યો, આચાર્યશ્રીએ એક નોટિસ તૈયાર કરાવી –

" આપણી શાળાનાં ગૌરવવંતા શિક્ષકો અને તેજસ્વી વિદ્યાર્થીઓ, આવતીકાલે સવારે ૯-૦૦ કલાકે શાળાનાં પ્રાંગણમાં ગૌરવ પ્રવચન સભાનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ અચૂક હાજર રહેવું. "

બીજા દિવસે સવારે તમામ તૈયારી કર્યા બાદ સહું શિક્ષકગણ આચાર્યશ્રી પાસે આવ્યા સહુએ એક બીજાને " **જય શ્રી કૃષ્ણ** " પાઠવ્યા અને કહ્યું – સર! ગઇકાલે આપ અતિ ઊંડાણ ભરેલાં વિચારોમાં અને કાર્યમાં વ્યસ્ત હતા એટલે અમે આપને બીજી અનેક માહિતી આપી નથી શક્યા, જો આપ અમને દસ મિનિટનો સમય આપતા હો તો અમે આપને મળીએ.

આચાર્યશ્રીએ " **જય શ્રી કૃષ્ણ** " કહી હંસતા હંસતા સમ્મતિ આપી, બીજી તરફ મુખ્યવિદ્યાર્થીને શિક્ષકોએ સૂચના આપી કે વિદ્યાર્થીઓને પ્રાંગણમાં શિસ્તબદ્ધ ઉભા કરો.

સહું શિક્ષકગણ આચાર્યશ્રીની ઓફિસમાં પહોંચ્યા અને એક પછી એક ચંદ્રક અને પદકની વાત કરી, આચાર્યશ્રી એકદમ પ્રફુલ્લિત થઈને બોલ્યા – આ સહું આપની મહેનત અને યોગ્ય શિક્ષા પ્રણાલી છે, આપે દરેક વિષયોને કુનેહ પૂર્વક, સૈદ્ધાંતિક અને અર્થ સહિત શિક્ષણ આપ્યું તેનું પરિણામ છે. આપે શિક્ષકની ઉત્તમતા, ઉચ્ચતાને યોગ્ય દિશા આપી છે.

એક એક સૂત્ર અને સિદ્ધાંત આપે પ્રમાણ કર્યો છે, આપની વિદ્યા પ્રત્યેની અદભુત અને ઉત્તમ નિષ્ઠા છે. આપ જ સમાજ મૂલ ઘડવૈયા છો. આપે શિક્ષણને વ્યવસાયિક કે વ્યાપારીકરણ નહીં કરતા, શ્રીસરસ્વતી પૂજા કે યજ્ઞ સમજ્યા તે જ તમારી પ્રમાણિક્તા, પવિત્રતા છે. આજે આપણી શાળાનો એક એક વિદ્યાર્થી સ્નાતક બનવા હરણફાળ ભરે છે તેનો મૂળ પાયો આપ જ છો. આ સંસ્કાર માટે શાળાને અને દેશને તમારા માટે ગૌરવ છે.

મિત્રો! મારે આપ સહુને એક સૂચના આપવાની છે જે હું આજનાં પ્રવચનમાં રજૂ કરીશ, આપ સહું તેને ધ્યાનમાં લેશો અને અવશ્ય પાર પાડશો. **" જય શ્રી કૃષ્ણ "**. સર્વે શિક્ષકગણે આચાર્યશ્રીને **" જય શ્રી કૃષ્ણ "** કહી પ્રાંગણમાં જવા નીકળ્યા.

પ્રાંગણમાં સર્વે વિદ્યાર્થીઓ શિસ્ત બદ્ધ એક લાઇનમાં બેઠેલા હતા, વાતાવરણ નિર્મળ, અતિ મહેકતું અને ખુશખુશાલ હતું, સૂર્ય નારાયણનાં તેજે પ્રાંગણને તેજોમય અને શુશોભિત કરી દીધું હતું, શાળાની ચારે બાજુ ઊગેલા વૃક્ષો શાળાને ઝૂકી ઝૂકી પવનનાં વેગથી વારંવાર વંદન કરતાં હતા. જેવા આચાર્યશ્રી પ્રાંગણનાં ડાયસ પર પધારે છે, સહુ વિધાર્થીઓ ઊભા થઈ તેમનું આનંદ ઉત્સાહ અને ઉમંગ ભરેલું સ્વાગત કરી એક સૂરે **" જય શ્રી કૃષ્ણ "** ની ગૂંજ કરી, ગગનમાં ચારે તરફ વહેતી **" જય શ્રી કૃષ્ણ "** ની ગૂંજે આત્મવિશ્વાસનાં ફૂલો વિખેરીયા. રણકતો ધ્વનિ સૂર્ય નારાયણને અધર્ય ધરતો હોય તેવો ભાસ થતો હતો. તે જ સમયે અનાયાસ આચાર્યશ્રીની દ્રષ્ટિ તેજ પૂંજનાં વર્તુળ પર પડી, આચાર્યશ્રીએ તે તેજ પૂંજને હૃદયસ્થ મનોમન પ્રણામ કર્યા.

સર્વે ઉપસ્થિત શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ પ્રાર્થના કરી

અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,

ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા.

મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,

તું-હીણો હું છું તો, તુજ દરસનાં દાન દઈ જા.

પ્રભુ અંતર્યામી, જીવન જીવના દીન શરણા,

પિતા માતા બંધુ, અનુપમ સખા હિત કરણા.

પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,

નમું છું વંદુ છું, વિમળમુખ સ્વામી જગતના.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,

કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરું.

સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,

ક્ષમા દ્રષ્ટે જોજો, તુજ ચરણમાં નાથજી ધરું.

આચાર્યશ્રીએ ઉભા થઈ સર્વે શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનું પ્રણામ કરી " **જય શ્રી કૃષ્ણ** " કહી સ્વાગત કર્યું અને ગૌરવ પ્રવચનનો પ્રારંભ કર્યો.

હે મારા તેજસ્વી શિક્ષકગણ અને તેજસ્વી તારલાની હારમાળાનાં વિદ્યાર્થીઓ! આજે આપણી શાળા " વિદ્યા ગૌરવ દિન " તરીકે ઉજવીએ છીએ. આપ સહુનો અનોખો અને સૈદ્ધાંતિક પુરુષાર્થે શાળાને અનેક શૈક્ષણિક શાખાઓમાં " ભારત વિદ્યા ગૌરવ પુરસ્કાર " સમ્માનથી પુરુસ્કૃત કરી છે. આપણી શાળામાંથી **ત્રણ શિક્ષકોને યોગ્ય વિદ્યાભ્યાસ પદ્ધતિ, ઓટોમેશન કલ્ચર ડેવેલોપમેંટ અને આધુનિક ખેતી સાધનો અને છ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત, અદ્યતન ટેક્નોલોજી, સામાજિક વ્યવસ્થા, વનસ્પતિ વિજ્ઞાન અને જળ શુદ્ધિકરણ માટે ચંદ્રકોથી પુરુસ્કૃત કરવામાં આવ્યા છે.** સહુએ તાળીઓ ગળગળાટથી વધાવી લીધો.

હે મારા વિનયી વિદ્યાધરો! મારી આપ સહુને હ્રદયસ્થ વિનંતી છે કે આપણાં શાળાનાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને વિદ્યા પામતાં સર્વે વિદ્યાર્થીઓએ પોતપોતાનાં કૌટુંબિક માહિતી નિ:સંદેહ અને નિ:સંકોચથી મને આપવાની છે. આ માહિતી આધારિત હું એક એવી વ્યવસ્થા ગોઠવવાની કોશિશ કરવાનો છું, જે વ્યવસ્થાથી સર્વે કુટુંબને આનંદિત જીવન જીવવા પ્રોત્સાહન મળે. સત્ય, શિસ્તનિષ્ઠા, પ્રમાણિક વૈભવતા અને યોગ્યતા મળે.
સહુએ તાળીઓ ગળગળાટથી વધાવી સંપૂર્ણપણે સાથસહકાર આપવા વચનબદ્ધ થયા.

" વિદ્યા ગૌરવ દિન " ઉજવણી કરી સહુ એક બીજાને " **જય શ્રી કૃષ્ણ** " કહી આચાર્યશ્રીની દૂરંદેશીની વાતો કરતા કરતા વિખરાઈ ગયા.

આચાર્યશ્રી ફરી પાછા – તેજ પૂંજની વૈજ્ઞાનિકતામાં પરોવાઈ ગયા. વારંવાર ચિંતન અને મનન કરવાથી આચાર્યશ્રી વધુ પ્રખરતા પામવા લાગ્યા. એક દિવસ તેઓ સવારનાં શાળાનાં નિયત સમય કરતાં વહેલા તેમની ઓફિસમાં પહોંચી ગયા, બારીકાઈથી નિહાળવા લાગ્યા - આ તેજ પૂંજ ક્યાંથી ઉદભવે છે! ત્યાં પ્રથમ પટાવાળો શાળાનાં દરવાજામાં જેવો પ્રવેશ્યો, તુરંત એક તેજ કિરણ તેનામાંથી ઉદભવી ઉપર તરફ જતુ આચાર્યશ્રીએ નિહાળ્યું, ત્યાં એક શિક્ષક આવી પહોંચ્યા, જેવા તેઓ દરવાજામાંથી શાળામાં પ્રવેશ પામ્યા તો તેમનામાંથી એક તેજ કિરણ ઉદભવી આકાશ તરફ પ્રયાણ કરતું હતું, આ રીતે દરેક શિક્ષકો અને વિદ્યાર્થીઓમાંથી તેજ કિરણ ઉદભવી ઉપર તરફ જતુ હતું. તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં આવી જવાથી તે તેજ કિરણ એક વર્તુળમાં પરિવર્તિત થયું. આ વર્તુળ કેવળ આચાર્યશ્રી જ નિહાળતા હતા. કારણકે તેઓ ખગોળ સ્નાતક અને આધ્યાત્મિક આત્મીય હોવાથી આ પ્રક્રિયા તેઓ પામી શકતા હતા. આ તેજ કિરણોએ અને તેજ પૂંજ વર્તુળે તેમને અનેક માર્ગ અને દ્રષ્ટિકોણની અસરો આપવા માંડયા.

આ બાજુ વૈજ્ઞાનિકોએ તે વિસ્તારની ખગોળીય માહિતી તપાસી, આકાશ અને જમીન, વનસ્પતિ, જળ અને પવનદિશા વિગરે સર્વે માહિતીઓનાં ચાર્ટ અને નકશા તૈયાર કરીને અનેક ભૌગોલિક માહિતી એકઠી કરી હતી. ડાઇરેક્ટર સાહેબ અને વૈજ્ઞાનિકો સહુ કોઈ આ આતુરતાની રાહ જોતાં આચાર્યશ્રીની રાહ જોતા હતા.

બીજા દિવસે આચાર્યશ્રી અનેક ફોટોગ્રાફ્સ અને વિડિયોગ્રાફી લઈને શહેરની વિજ્ઞાન સંશોધન લેબોરેટરીમાં પહોંચ્યા, અરે આચાર્ય! આપ પધાર્યા! અમે આપની જ રાહ જોઈએ છીએ. આવો! આચાર્યશ્રીએ સહુને " **જય શ્રી કૃષ્ણ** " કહ્યા, સર્વેનાં " **જય શ્રી કૃષ્ણ** " સ્વીકારી, સર્વે કોન્ફરેંસ હોલમાં ભેગા થયા, એક પછી એક મુદ્દા પર ચર્ચા કરવા લાગ્યા.

મુદ્દો ૧. તેજ પૂંજનું ઉદભવવું

મુદ્દો ૨. આટલી જ લિમિટમાં હોવું

મુદ્દો ૩. આગળ શું કરવું?

આચાર્યશ્રીએ તેમની ફોટોગ્રાફી કાઢીને એક પછી એક કોપી બતાવવા લાગ્યા, વૈજ્ઞાનિકો તો જોઈને હેબતાઈ ગયા – અરે આચાર્ય! શું કહો છો આપ! આવું હોઈ શકે? સહુ કેન્દ્રિત થઈ ખૂબજ બારીકાઈથી એક એક ફોટોગ્રાફ્સ જોતા અને અચરજ પામતાં, પટાવાળો અને વિદ્યાર્થીઓની આગમનતા જોઈ સર્વે વૈજ્ઞાનિક કુતૂહલતાનાં અતિ ઊંડાણમાં ઉતરી ગયા.

ડાઇરેક્ટર બોલ્યા – આચાર્ય! " **જય શ્રી કૃષ્ણ** " કહેવાથી આવી ઉર્જા જાગૃત થાય?

આચાર્ય બોલ્યા – અવશ્ય સર! મને આ ઉર્જાનો ઘણો અનુભવ છે.

ઓહહ! બિલકુલ અજાયબ! અલૌકિક!

એક વૈજ્ઞાનિકે પૂછ્યું – સાહેબ! આપની ઉંમર કેટલી?

મારી ઉંમર – પાંસઠ વર્ષ

અરે આપની ઉંમર તો પિસ્તાળીશ લાગે છે, નથી મોઢા પર કરચલી કે એક વાળ સફેદ! બિલકુલ યંગ જ લાગો છો, ગજબ સ્ફૂર્તિ છે આપના માં.

હા! સહુ " **જય શ્રી કૃષ્ણ** " નો પ્રભાવ છે.

આચાર્ય! આજે જે તમામ ફોટોગ્રાફ્સ જોયા તેમાં પણ આપે કહ્યું કે અમારા એક એક શાળાનાં સભ્યો " **જય શ્રી કૃષ્ણ** " કહીને જ આગળ ધપે છે એટલે શ્વાસે શ્વાસે " **જય શ્રી કૃષ્ણ** "

હા! સર!

ઓહહ! અદભુત!

આ " **જય શ્રી કૃષ્ણ** " કહેવાથી સ્વ ઉર્જા જાગૃત થાય છે, તેનું સદા રટણ અને સ્મરણ કરવાથી અનોખી ઓરા ઉદભવી કિરણમાં પરિવર્તન પામે છે.

ગઇ મીટિંગમાં આપણે જે તેજ વર્તુળનાં ફોટોગ્રાફ્સ જોયા હતા, તે જ તેજ વર્તુળ મેં અમારી શાળાનો " **વિદ્યા ગૌરવ દિન** " તરીકે ઉજવેલો ત્યારે મેં આ તેજોમય વર્તુળને શાળાનાં પ્રાંગણ ઉપર આશરે ૩૦૦ ફૂટ જમીનથી મેં જોયું. હું અચંભિત પામીને ખૂબ જ વિચાર કર્યો. એક રાત્રે હું એકલો શાળાનાં પ્રાંગણમાં ઊભો હતો ત્યારે ભૂમિમાંથી અલૌકિક સુગંધ પ્રસરતી હતી. હું અવશ્ય કહું છું કે આ તેજોમય વર્તુળ આકાશમાં અમારી શાળાઓનાં સભ્યોની ઉર્જા છે. જે ઉર્જા પંચમહાભૂત તત્વોને સીંચતા આ વર્તુળ આકારમાં તે ઉદભવે છે.

ડાઇરેક્ટર તુરંત બોલ્યા – વૈજ્ઞાનિકો! આપણે જાતે જ અનુભવીએ છીએ – આ આચાર્યનાં તેજ ને, કેટલો પ્રકાશમય છે તેમનો ચહેરો! ઉર્જાવાન!

આચાર્યશ્રી બોલ્યા – સાહેબ! જુઓ આ ચંદ્રકો! અમારા વિદ્યાર્થીઓ તેમની કુશળતાથી પામ્યા!

વૈજ્ઞાનિકોએ ચંદ્રકો જોઈ કુતૂહલવશ એક બીજાને નિરખવા લાગ્યા – અદભુત! અદભુત!

જુઓ આ પ્રમાણપત્ર! અમારા શિક્ષકો તેમની યોગ્ય શિક્ષણ પદ્ધતિથી વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા તેમનું ભારત સરકાર તરફથી – " **ભારતનાં સર્વોચ્ચ શિક્ષક પદક** "

આ અમારી શાળાને - " **ભારત વિદ્યા ગૌરવ પુરસ્કાર** "

આચાર્ય! આપને નમન છે.

સર્વે વૈજ્ઞાનિકો અને ડાઇરેક્ટર સાહેબ ઉભા થઈને આચાર્યને વંદન કર્યા. આચાર્ય! ધન્ય છે આપને. આપનો અનોખો પુરષાર્થ માટે દેશને સમ્માન છે. આવા આચાર્ય પદને પામવું અને સાર્થક કરવું તે તો સર્વોત્તમ યજ્ઞ છે. આપે પ્રાથમિક " **જય શ્રી કૃષ્ણ** " નો પાઠ ભણાવ્યો અને અમે તેને સાર્થક જોયો – સાહેબ " **જય શ્રી કૃષ્ણ** ".

અનેક તારત્મય પછી સર્વે એક નિર્ણય પર આવ્યા – ઉદભવવું સમજ્યા અને આટલી લિમિટમાં જ કેમ ઉદભવે છે તે પણ સમજ્યા.

હવે આગળ શું કરવું? તેના માટે ડાઇરેક્ટર સાહેબે વિનંતી કરી કે હું આવતે અઠવાડિયે દિલ્હીમાં એશિયન વૈજ્ઞાનિક કોન્ફરેંસ છે તેમાં હું જવાનો છું તો તે સમયે આપણાં મુખ્ય અનેક વૈજ્ઞાનિકો સાથે ચર્ચા કરી નિર્ણય કરીશું. સહુ **" જય શ્રી કૃષ્ણ "** કહેતા અને આત્મવિશ્વાસથી વિખરાયા.

એક અઠવાડીયા બાદ લેબોરેટરીનાં ડાઇરેક્ટર સાહેબ સીધા આચાર્યશ્રી પાસે શાળા પર જ આવી પહોંચ્યા, ખુશખુશાલ, અતિ ઉત્સાહિત મુખે આચાર્યશ્રી **" જય શ્રી કૃષ્ણ "** કહી તેમને ભેંટી પડયા – ઓહહ આચાર્ય! આપ ગજબ છો! આપની આ દિવ્ય **" જય શ્રી કૃષ્ણ "** જ્યોત અનોખી પ્રજ્ઞાનતા પાઠવે છે. વૈજ્ઞાનિક કોન્ફરેંસમાં મેં મારી રજૂઆત **" જય શ્રી કૃષ્ણ "** કહી આરંભ કરી અને **" જય શ્રી કૃષ્ણ "** કહી નમન કરી પૂર્ણ કરી, સર્વે વૈજ્ઞાનિકનાં આત્મીયતા પર એવી અસર થઈ કે તેઓ આ ગૂંજને વૈજ્ઞાનિક સ્વરૂપ આપવા માંગે છે. તે સર્વે વૈજ્ઞાનિકોએ પણ મને નમન કરી **" જય શ્રી કૃષ્ણ "** કહ્યા અને કહ્યું – આપણે સહુ આ શાળાની મુલાકાત લઈ, તેને એક એવું ઉર્જા કેન્દ્ર બનાવીએ જે વિશ્વને યોગ્ય દિશા દર્શાવે.

આચાર્યશ્રીની આનંદની સીમા ના રહી, તેઓએ તરત જ શાળાનાં શિક્ષકગણને બોલાવી ડાઇરેક્ટર સાહેબ સાથે મીટિંગ કરી અને **" જય શ્રી કૃષ્ણ "** ની એક ગૂંજ કરી અનેક નિર્ણયો નક્કી કર્યા. વિશ્વ પટલ પર પાનવડ ગામનું નામ – ઓહહ! ગ્રેટ!

આચાર્યશ્રીની દૂરંદેશી આખા ગામને સ્પર્શવા માંડી, ગામનો આખો સમાજ વિચારવા લાગ્યો – એક શાળાનાં આચાર્ય અને આટલી ઉત્તમ દ્રષ્ટિ. ગામનાં સર્વે વડીલો, અધિકારીઓ, વૈભવી કુટુંબો અને એક એક વર્ગનાં લોકોએ તેમને સમ્માનીત સાથે ગૌરવવંતા સ્વીકારી લીધા.

" મેરો મન ગોવિંદ્સો માન્યો તાતે ઔર ન જિય ભાવે
જાગત સોવત યહ ઉત્કંઠા કોઈ વ્રજનાથ મિલાવે
બાઢી પ્રીત આન ઉર અંતર, ચરન કમલ ચિત્ત દીનો
કૃષ્ણવિરહ ગોકુલકી ગોપી ઘરહીમેં વન કીનો
છાંડ આહાર વિહાર સુખ દેહ, ઔર ન ચાહત કાઉ
પરમાનંદ બસત હે ઘરમેં જૈસે રાહત બટાઉ "

પાનવડની શાળા એક સૌર કેન્દ્ર – દેશનાં સર્વે જાહેર મીડિયામાં આ સમાચાર અને તેનાં **પ્રણેતા આચાર્યશ્રી ચંદ્રવદનભાઈ શાહ**. **" જય શ્રી કૃષ્ણ "** સૂત્રથી તેઓએ શાળાને આભા મંડળમાં પરિવર્તિત કરી એક એક અણુ, જીવ, વનસ્પતિને તેઓએ એવી સૌર ઉર્જા પમાડી કે તે માનસિક, શારીરક અને આર્થિક રીતે તંદુરસ્ત – નીરોગી – આનંદમય – સુગંધિત જ રહે.

" જય શ્રી કૃષ્ણ "

" Vibrant Pushti "
૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા
હરણી રોડ, શહેર – વડોદરા - ૩૯૦૦૦૬ – ગુજરાત – ભારત
Email – vibrantpushti@gmail.com - મોબાઇલ – ૯૩૨૭૨૯૭૫૦૭